મફતના પાસ અને ભાડું મેળવી પાલિકા તંત્ર ઘોર નિંદ્રામાં

ગ્રેટ ગોલ્ડન સર્કસમાં બાળકો સામે ખુલ્લેઆમ દારૂની બોટલ સાથે એક્ટ યોજાતાં વિવાદ

350થી 750ની ટિકિટ ચૂકવી પરિવાર સાથે આવેલા દર્શકો સામે વિવાદાસ્પદ દ્રશ્ય રજૂ થયું

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા મહાનગરપાલિકા દ્વારા બાળકો અને પરિવારના મનોરંજન માટે સમયાંતરે મેળા, ગેમ ઝોન અને સર્કસ માટે જગ્યાઓ ફાળવવામાં આવે છે. જોકે, પ્લોટનું ભાડું વસૂલ્યા બાદ આયોજનોમાં શું રજૂ થાય છે તેની યોગ્ય તપાસ થાય છે કે નહીં તે અંગે સવાલો ઊઠ્યા છે. શહેરમાં ચાલી રહેલા પ્રખ્યાત 'ગ્રેટ ગોલ્ડન સર્કસ'માં બનેલી ઘટનાએ પાલિકા તંત્રની કામગીરી સામે ચર્ચા જગાવી છે.

સર્કસમાં 350થી 750 સુધીની ટિકિટ ખરીદીને પરિવારો અને બાળકો મનોરંજન માણવા પહોંચે છે. દરમિયાન એક શોમાં કાળા સૂટમાં એક વ્યક્તિ દારૂડિયાની જેમ લથડતો સ્ટેજ પર આવ્યો હતો. તેના હાથમાં દારૂની બ્રાન્ડની ક્વાર્ટર બોટલ જેવી દેખાતી બોટલ હતી, જેમાં લાલ રંગનું પ્રવાહી જોવા મળ્યું હતું. આ દ્રશ્યથી બાળકો હસી પડ્યા હતા, જ્યારે પરિવાર સાથે આવેલા કેટલાક જાગૃત નાગરિકોએ વાંધો ઉઠાવ્યો હતો.

ગુજરાતમાં દારૂબંધી હોવા ઉપરાંત જાહેર માધ્યમોમાં દારૂ અને ધૂમ્રપાનના દ્રશ્યો સાથે વૈધાનિક ચેતવણી દર્શાવવાની જોગવાઈ છે. ત્યારે મોટી સંખ્યામાં બાળકો અને પરિવારો ઉપસ્થિત હોય તેવા જાહેર મંચ પર દારૂની બોટલ સાથે એક્ટ રજૂ કરવો કેટલો યોગ્ય છે તે સવાલ છે.

વિવાદિત એક્ટમાં કલાકારે બોટલ સાથે ડાન્સ કર્યા બાદ મોઢામાં કેરોસીન લઈ આગના ફુવારા ઉડાવવાનો જોખમી સ્ટન્ટ પણ કર્યો હતો. બોટલમાં ખરેખર દારૂ હતો કે નહીં તે તપાસનો વિષય છે, પરંતુ દ્રશ્યમાં દારૂની બ્રાન્ડ જેવી બોટલનો ઉપયોગ થયાની ચર્ચાએ પ્રશ્નો ઉભા કર્યા છે.

જાગૃત નાગરિકોનું કહેવું છે કે આવા દ્રશ્યો બાળકોના માનસપટલ પર કેવી અસર કરશે તેની પણ જવાબદારી નક્કી થવી જોઈએ. પાલિકા માત્ર ભાડું વસૂલીને પોતાની જવાબદારીમાંથી મુક્ત થઈ શકે નહીં. સર્કસના આયોજકો સામે તપાસ કરી નિયમભંગ જણાય તો દંડ સહિતની કડક કાર્યવાહી કરવાની માગ ઉઠી છે. હવે પાલિકા અને પોલીસ તંત્ર આ

રૂ.૫૦ લાખની સાયબર છેતરપિંડીમાં આરોપી કાનપુરથી ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા ગ્રામ્ય સાયબર ક્રાઈમ પોલીસે 'ઓપરેશન પરાક્રમ' હેઠળ રૂ.50 લાખની સાયબર છેતરપિંડીના ગુનામાં સંડોવાયેલા આરોપી અખિલેશસિંગ શ્યામસિંગ રાજાવત (ઉં.વ.28)ને ઉત્તર પ્રદેશના કાનપુરથી ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપીને તા.23 ઓગસ્ટે ઝડપી પાડી પાદરા કોર્ટમાંથી 9 દિવસના પોલીસ રિમાન્ડ મેળવ્યા છે. વડોદરા ગ્રામ્ય પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલની સૂચનાથી સાયબર ક્રાઈમ પીઆઈ આર.બી. ગોહિલની ટીમે ટેક્નિકલ સર્વેલન્સ, ડિજિટલ ફોરેન્સિક અને હ્યુમન સોર્સના આધારે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન આરોપી કાનપુરમાં હોવાની માહિતી મળતા તેની હિલચાલનું વિશ્લેષણ કરી એસઓજી અને એલસીબીની મદદથી ટીમ કાનપુર પહોંચી હતી અને આરોપીને ઝડપી લીધો હતો. પોલીસે ગુનામાં અન્ય આરોપીઓની સંડોવણી સહિતની બાબતો અંગે વધુ તપાસ હાથ ધરી છે.

MYSY, CMSS સહિત અનેક સ્કોલરશિપ અટવાઈ

બાકી સ્કોલરશિપની તાત્કાલિક ચુકવણીની માંગ સાથે ABVPનો વિરોધ

ટેકનિકલ ખામીના કારણે વિદ્યાર્થીઓ પરેશાન

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વિદ્યાર્થીઓની બાકી રહેલી સ્કોલરશિપની રકમ તાત્કાલિક ચૂકવવાની માંગ સાથે એબીવીપી દ્વારા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સૂત્રોચ્ચાર સાથે રજુઆત કરી હતી. તેમજ પેન્ડિંગ રહેલી તમામ અરજીઓનો સમયબદ્ધ નિકાલ કરી, ટેકનિકલ ખામીઓ દૂર કરીને પાત્ર વિદ્યાર્થીઓની સ્કોલરશિપની રકમ તાત્કાલિક તેમના ખાતામાં જમા કરવામાં આવે તેવી માંગ કરી હતી.

એબીવીપી દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, રાજ્યમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની એમવાયએસવાય અને સીએમએસએસ સ્કોલરશિપની રકમ હજુ સુધી ચૂકવવામાં આવી નથી. આ ઉપરાંત પ્રિ-મેટ્રિક અને પોસ્ટ-મેટ્રિક

સ્કોલરશિપની ચુકવણીમાં પણ વિલંબ થતા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે. વિદ્યાર્થી આગેવાનોના જણાવ્યા મુજબ, ડિબિટી આધારિત ચુકવણીમાં એનપીસીઆઈ સંબંધિત ટેકનિકલ સમસ્યાઓના કારણે અનેક વિદ્યાર્થીઓને સમયસર સ્કોલરશિપ મળી રહી નથી. આર્થિક રીતે નબળા પરિવારોના વિદ્યાર્થીઓ માટે આ રકમ અભ્યાસ દરમિયાન મહત્વની સહાયરૂપ બનતી હોય છે, ત્યારે વિલંબથી તેમના પર વધારાનો આર્થિક ભાર પડી રહ્યો છે. એબીવીપી દ્વારા માંગ કરવામાં આવી છે કે, પેન્ડિંગ રહેલી તમામ અરજીઓનો સમયબદ્ધ નિકાલ કરી, ટેકનિકલ ખામીઓ દૂર કરીને પાત્ર વિદ્યાર્થીઓની સ્કોલરશિપની રકમ તાત્કાલિક તેમના ખાતામાં જમા કરવામાં આવે અને સમગ્ર ગુજરાતમાં બાકી ચુકવણી અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

ગણેશ આગમન યાત્રામાં મારામારીનો વીડિયો વાયરલ થતા પોલીસ હરકતમાં

પાણીગેટ બાદ સુભાનપુરા-ઇલોરા પાર્ક વિસ્તારમાં બે જૂથ વચ્ચે છૂટા હાથની મારામારી

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વડોદરામાં ગણેશ આગમનને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં રાત્રિના સમયે ગણપતિ બાપ્પાની ભવ્ય આગમન સવારીઓ યોજાઈ રહી છે. જોકે, આ ભક્તિમય માહોલ વચ્ચે કેટલાક અસામાજિક તત્વો દ્વારા વાતાવરણ ડહોળવાના પ્રયાસો સામે આવી રહ્યા છે.

તાજેતરમાં પાણીગેટ વિસ્તારમાં ગણેશ આગમન યાત્રા દરમિયાન મારામારીની ઘટના બની હતી. ત્યારબાદ હવે સુભાનપુરા-ઈલોરા પાર્ક વિસ્તારમાં પણ મારામારીની ઘટના સામે આવી છે. પ્રાથમિક માહિતી મુજબ, ગણેશ આગમન યાત્રા દરમિયાન કોઈ કારણસર બે જૂથ વચ્ચે બોલાચાલી થયા બાદ મામલો ઉગ્ર બન્યો હતો અને બંને પક્ષો વચ્ચે છૂટા હાથની મારામારી થઈ હતી. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ભારે ચર્ચા અને રોષ ફેલાયો છે. ભક્તિમય માહોલમાં બનેલી આ ઘટનાને પગલે પોલીસ હરકતમાં આવી છે. વાયરલ વીડિયોના આધારે પોલીસે તપાસ શરૂ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુભાનપુરામાં ૬૧ વર્ષીય વૃદ્ધના ગળેથી રૂ.૧.૪૫ લાખની ચેઈન ઝૂંટવી

(પ્રતિનિધિ) વડોદરા તા.24

સુભાનપુરાના ન્યુ આઈપીસીએલ રોડ પર વહેલી સવારે ડોગ સાથે વોકિંગ માટે નીકળેલા 61 વર્ષીય વૃદ્ધના ગળામાંથી બે ગઠિયા રૂ.1.45 લાખની સોનાની ચેઈન ઝૂંટવી બાઈક પર ફરાર થઈ ગયા હતા. સુભાનપુરા શાંતિપાર્ક સોસાયટીમાં રહેતા જિતેન્દ્રકુમાર ભાઈલાલભાઈ પટેલ તા.23 ઓગસ્ટે સવારે 5:30 વાગ્યે વોકિંગ માટે નીકળ્યા હતા. સવારે 6:10 વાગ્યે યશ બેંક નજીક પહોંચતા કાળા રંગની બાઈક પર બે શખ્સો આવ્યા હતા. બંનેએ મોઢે રૂમાલ બાંધ્યો હતો. પાછળ બેઠેલા શખ્સે અચાનક વૃદ્ધના ગળામાંથી આશરે 28 ગ્રામ વજનની સોનાની ચેઈન આંચકી હતી. ત્યારબાદ બંને દશામા ચાર રસ્તા તરફ ફરાર થઈ ગયા હતા. વૃદ્ધ બૂમાબૂમ કરતા લોકો એકત્ર થયા હતા, પરંતુ આરોપીઓ નાસી છૂટ્યા હતા. પોલીસે સીસીટીવીના આધારે બંને ગઠિયાની શોધખોળ શરૂ કરી છે.

સ્માર્ટ મીટરનો વિરોધ યથાવત મકરપુરા ઈન્દ્રાનગરમાં હોબાળો

વીજ કંપનીના કર્મચારી અને સ્થાનિકો વચ્ચે ઉગ્ર બોલાચાલી, પોલીસે મામલો થાળે પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વડોદરા શહેરમાં સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી સામે લોકોનો વિરોધ દિવસેને દિવસે વધી રહ્યો છે. ત્યારે, મકરપુરા વિસ્તારના ઈન્દ્રાનગરમાં સ્માર્ટ મીટરને લઈને ભારે હોબાળો મચ્યો હતો. જાણ કર્યા વિના સાત જેટલા ઘરોમાં વીજ મીટર બદલી નાખવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથે લોકોએ કર્મચારીઓનો ઉધડો લીધો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ મધ્ય ગુજરાત વીજ કંપનીના કર્મચારીઓ ઈન્દ્રાનગર વિસ્તારમાં સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી કરી રહ્યા હતા. સ્થાનિકોનો આક્ષેપ છે કે, કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર કે પૂછ્યા વગર જ 6 થી 7 ઘરોમાં જૂના મીટર કાઢીને નવા સ્માર્ટ

મીટર લગાવી દેવામાં આવ્યા હતા. આ વાતની જાણ સ્થાનિકોને થતા જ તેઓ એકઠા થઈ ગયા હતા અને કામગીરીનો વિરોધ કર્યો હતો. લોકોનું કહેવું છે કે સ્માર્ટ મીટરથી વીજ બિલ વધીને આવશે અને અમારી સંમતિ વગર મીટર લગાવવું યોગ્ય નથી. આ બાબતે સ્થાનિકો અને એમજીવીસીએલના કર્મચારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને મામલો ગરમાયો હતો. સ્માર્ટ મીટરને લઈને સમગ્ર વિસ્તારમાં ભારે રોષ જોવા મળ્યો હતો. લોકો મોટી સંખ્યામાં ઘરની બહાર નીકળી આવ્યા હતા અને કામગીરી બંધ કરાવી હતી. બીજી તરફ, મામલો બિચકવાની શક્યતાને પગલે મકરપુરા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે બંને પક્ષોને સમજાવીને મામલો થાળે પાડ્યો હતો. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા સમયથી વડોદરા શહેરના અલગ-અલગ વિસ્તારોમાં સ્માર્ટ મીટર લગાવવાને લઈને સ્થાનિકો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે.

અટલાદરા-પાદરા રોડ પર ગરનાળા નીચે ૧૧ ફૂટનો મહાકાય મગર પકડાયો

ગરનાળા નીચે મગરને જોવા લોકોના ટોળા ઉમટ્યા,વન વિભાગે પરત પાણીમાં રિલીઝ કર્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વડોદરા શહેરના અટલાદરાથી પાદરા તરફ જતા માર્ગ પર આવેલા સમન્વય પાસેના વિશ્વામિત્રી ગરનાળા નીચે આજે એક મહાકાય મગર દેખા દેતા લોકોમાં ભારે કુતૂહલ સર્જાયું હતું.

મળતી માહિતી મુજબ, આ મગર ઘણા લાંબા સમય સુધી ગરનાળા નીચે જ બેસી રહ્યો હતો. એક પ્રાણીપ્રેમીએ આ અંગે વન વિભાગને જાણ કરતા વડોદરા વન વિભાગની ટીમ હરકતમાં આવી હતી. માહિતી મળતા જ રેસ્ક્યૂઅર જીગ્નેશ પરમાર સહિતની ટીમ રેસ્ક્યૂ વાન સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. તપાસ કરતા ગરનાળા નીચે 11 ફૂટનો વિશાળકાય મગર નજરે પડ્યો હતો. ટીમે આશરે બે કલાકની ભારે જહેમત બાદ મગરને સહીસલામત રીતે પકડી લીધો હતો અને બાદમાં તેને તેના કુદરતી વાતાવરણમાં છોડી મૂક્યો હતો. આ સમગ્ર રેસ્ક્યૂ ઓપરેશન જોવા માટે ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

વડસર વિસ્તારમાં નજીવી બાબતે થયેલા ઝઘડાએ હિંસક સ્વરૂપ ધારણ કર્યુ

સામાન્ય બાબતમા બે કિશોર દ્વારા રિક્ષા ચાલક પર હથિયાર વડે જીવલેણ હુમલો

ગંભીર રીતે ઈજા વ્યસ્ત થયેલો રિક્ષાચાલક સ્થળ પર ઢળી પડ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા શહેરના વડસર વિસ્તારમાં નજીવી બાબતે થયેલા ઝઘડામાં કાયદાના સંઘર્ષમાં આવેલા બે કિશોર દ્વારા રિક્ષાચાલક પર તીક્ષ્ણ હથિયાર વડે જીવલેણ હુમલો કરવામા આવ્યો હતો. હુમલામાં રિક્ષાચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા તેને રસ્તા ઉપર જડી પડ્યો હતો જેથી તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

વડસર વિસ્તારમાં રહેતો રિક્ષાચાલક રાહુલ માળી અને તેમના વિસ્તારમાં રહેતા કેટલાક શખ્સો વચ્ચે નજીવી બાબતે બોલાચાલી થઈ હતી. મામલો ઉગ્ર બનતા મારામારી થઈ હતી અને ત્યારબાદ રિક્ષાચાલક પર બે કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોર દ્વારા તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો હોવાની વિગતો સામે આવી છે. હુમલામાં રિક્ષાચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા આસપાસના લોકોમાં દોડધામ મચી હતી.

ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ઈજાગ્રસ્ત રિક્ષાચાલકને સારવાર

માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા હુમલાખોર બે કિશોરને ડીટેઈન કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

દંતેશ્વર તળાવમાં વધુ એક યુવકે ઝંપલાવી આપઘાત કર્યો

38 વર્ષીય ભાવેશ મકવાણાના મોતથી ચકચાર, ફાયર બ્રિગેડે મૃતદેહ બહાર કાઢ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

શહેરના દંતેશ્વર તળાવમાં આપઘાતની ઘટનાઓ અટકવાનું નામ લેતી નથી. વધુ એક યુવકે તળાવમાં ઝંપલાવી જીવન ટૂંકાવતા ચકચાર મચી ગઈ છે. પાણીગેટ વિસ્તારના મોટી છીપવાડ ખાતે રહેતા 38 વર્ષીય ભાવેશ મકવાણાએ અગમ્ય કારણોસર દંતેશ્વર તળાવમાં છલાંગ લગાવી હતી.

ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ સ્થળ પર દોડી આવી હતી. ફાયર જવાનોએ ભારે જહેમત બાદ તળાવમાંથી યુવકનો મૃતદેહ બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસે મૃતકની ઓળખ તથા આપઘાત પાછળનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, યુવક ગત રાત્રે તળાવ બહાર એકલો બેઠેલો જોવા મળ્યો હતો. જેને પગલે તેના મોત અંગે વિવિધ શંકાઓ પણ વ્યક્ત થઈ રહી છે. દંતેશ્વર તળાવમાં અગાઉ પણ પાંચથી વધુ આપઘાતની ઘટનાઓ બની હોવા છતાં સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઊઠ્યા છે. સ્થાનિકોએ તળાવની આસપાસ ફેન્સિંગ વધુ ઊંચી કરવા અને સિક્યુરિટી વધારવાની માગ કરી છે.

શિક્ષકો, આચાર્યો સહિત BRC-CRC અને આંગણવાડી કાર્યકરો જોડાઈ શકશે

શિક્ષકો માટે 'નિષ્ઠા' તાલીમનો સાયકલ-૧ જાહેર, ૩૧ ઓગસ્ટ સુધી રજિસ્ટ્રેશન

સાયબર હાઈજીન, પર્યાવરણ અને એક્શન રિસર્ચની તાલીમ; 70 ટકાથી વધુ ગુણ મેળવનારને સર્ટિફિકેટ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

રાજ્યના શિક્ષકોની કામગીરી વધુ અસરકારક અને ગુણવત્તાયુક્ત બનાવવા કેન્દ્ર સરકાર દ્વારા 'નિષ્ઠા' તાલીમ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. શૈક્ષણિક વર્ષ 2026-27 માટે સાયકલ-1ના કોર્સની જાહેરાત કરવામાં આવી છે. આ અંગે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) દ્વારા તમામ જિલ્લાઓને પરિપત્ર પાઠવી જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે.

તાલીમમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો તથા આચાર્યો ભાગ લઈ શકશે. આ ઉપરાંત ધોરણ 1થી 5ના શિક્ષકો, BRC, CRC તેમજ આંગણવાડી કાર્યકરો પણ કોર્સ કરી શકશે. તાલીમ દરમિયાન સાયબર હાઈજીન, પર્યાવરણ, એક્શન રિસર્ચ અને કેસ સ્ટડી સહિતના મહત્વના વિષયો આવરી લેવામાં આવશે. આ દ્વારા શિક્ષકોને શિક્ષણની નવી પદ્ધતિઓ અને વ્યવહારુ અભિગમથી પરિચિત કરાશે. તાલીમ માટે ઈચ્છુક ઉમેદવારોએ દીક્ષા પોર્ટલ અથવા એપ્લિકેશન પર જઈ 'એનરોલ નાઉ' વિકલ્પ પસંદ કરી 31 ઓગસ્ટ સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. કોર્સ પૂર્ણ કર્યા બાદ ઓનલાઈન મૂલ્યાંકન આપવાનું રહેશે. તેમાં 70 ટકાથી વધુ ગુણ મેળવનાર તાલીમાર્થીને સર્ટિફિકેટ આપવામાં આવશે. તમામ તાલીમાર્થીઓએ 15 સપ્ટેમ્બર સુધીમાં કોર્સ પૂર્ણ કરવાનો રહેશે. સાયકલ-1માં નોંધણી કર્યા બાદ કોર્સ પૂર્ણ ન કરી શકનાર શિક્ષકોને ઓક્ટોબર 2026માં શરૂ થનારી સાયકલ-2માં ફરી નોંધણી કરવાની તક મળશે. ટેકનિકલ સમસ્યા માટે નિષ્ઠા હેલ્પડેસ્કનો સંપર્ક કરવા જણાવાયું છે.

એક્ટિવામાં ભરાઈ ગયું કોબ્રાનું બચ્ચું, વનવિભાગે કર્યું રેસ્ક્યૂ

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વડોદરા શહેરના બિલ ગામ કેનાલ રોડ પર આવેલી ઓરો રેસિડેન્સીમાં ચોંકાવનારી ઘટના બની હતી. એક રહીશના એક્ટિવા ટુ-વ્હીલરમાં ઝેરી કોબ્રા સાપનું બચ્ચું ઘૂસી ગયું હતું. એક્ટિવામાં સાપ જેવું કંઈક હલતું દેખાતા રહીશે તાત્કાલિક વનવિભાગના ફોરેસ્ટ કંટ્રોલ રૂમને જાણ કરી હતી.

માહિતી મળતા વનવિભાગના રેસ્ક્યૂઅર જીગ્નેશ પરમાર અને લાલુ નિઝામા સ્થળ પર દોડી આવ્યા હતા. બંનેએ ભારે જહેમત અને સાવચેતીપૂર્વક એક્ટિવામાંથી કોબ્રાના બચ્ચાને સુરક્ષિત રીતે બહાર કાઢી રેસ્ક્યૂ કર્યું હતું. સાપ મળી આવતા સોસાયટીમાં થોડા સમય માટે ભયનો માહોલ સર્જાયો હતો. જોકે, સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. રેસ્ક્યૂ બાદ કોબ્રાના બચ્ચાને સુરક્ષિત જંગલ વિસ્તારમાં છોડી દેવામાં આવ્યું હતું.

પાર્ક એન્ડ ગાર્ડન વિભાગની કામગીરી સામે ઊઠ્યા સવાલો

વિશ્વામિત્રીના કાંઠે મગરોના જોખમ વચ્ચે સિક્યુરિટી ગાર્ડ્સ કચરો વિણવા મજબૂર

જોખમી કામગીરી અંગે અધિકારીઓએ પણ સ્વીકાર્યું જોખમ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા મહાનગરપાલિકાના પાર્ક એન્ડ ગાર્ડન વિભાગ દ્વારા સયાજીબાગ પાસે વિશ્વામિત્રી નદીમાં હાથ ધરાયેલા સ્વચ્છતા અભિયાન દરમિયાન તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. વિશ્વામિત્રી નદી કે જે સેંકડો મગરોનું આશ્રયસ્થાન ગણાય છે, તે નદીના કિનારે અને પાણીના ભાગ નજીક સિક્યુરિટી ગાર્ડ્સને યોગ્ય સુરક્ષા સાધનો કે સુરક્ષા કવચ વિના જ સફાઈ કામગીરીમાં ઉતારી દેવામાં આવ્યા છે. નદીના તટ પર મગરોની હાજરી વચ્ચે સિક્યુરિટી ગાર્ડ્સ કોથળા ભરી ભરીને કચરો કાઢતા નજરે પડ્યા હતા, જેને કારણે ભારે ચકચાર મચી ગઈ છે.

વિશ્વામિત્રી નદીમાં મગરોના હુમલાની ઘટનાઓ અવારનવાર બનતી હોય છે. તેવામાં સિક્યુરિટી ગાર્ડ્સને મગરોના જોખમ વચ્ચે જ નદી કિનારે કામ કરવા મજબૂર કરાયા હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. કોઈ પણ પ્રકારના યોગ્ય સેફ્ટી ગિયર વગર જ કર્મચારીઓ નદીના તટ નજીક ઉતરીને કચરો સમેટતા જોવા મળ્યા હતા. આ ગંભીર બાબતે સવાલો ઉઠી રહ્યા છે કે જો સફાઈ દરમિયાન કોઈ કર્મચારી પર મગર હુમલો કરે કે કોઈ અનિચ્છનીય દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી કોની રહેશે? નદીમાં સફાઈ કામગીરી અંગે તંત્ર દ્વારા એવો ખુલાસો કરવામાં આવ્યો છે કે નદીના તટ સુધી જવું ન પડે તે માટે વાંસનો મોટો બાંબુ, રેકિંગના સાધનો અને નાનું માઈક્રોસ્કોપિક કટર જેવા સાધનો તૈયાર કરવામાં આવ્યા છે. જેથી નદી કિનારેથી દૂર રહીને જ સફાઈ કામગીરી કરી શકાય.

જોકે, તંત્રના અધિકારીઓએ પણ સ્વીકાર્યું છે કે આ કામગીરી અત્યંત જોખમી પ્રકારની છે. નદીમાં થતી આ કામગીરી દરમિયાન જોખમ ન લેવાય અને પૂરતી સાવચેતી રાખવામાં આવે તે માટે તંત્ર દ્વારા અપીલ પણ કરવામાં આવી છે તેમજ જરૂરી મદદ લેવાની ખાતરી આપવામાં આવી છે. તેમ છતાં, જમીની હકીકતમાં કર્મચારીઓ મગરોના ડર વચ્ચે નદીના કાંઠે કામ કરી રહ્યા છે, જે તંત્રની સફાઈ નીતિ અને કર્મચારીઓની કાળજી પર મોટા સવાલો ઊભા કરે છે.